

# તમારો મિજાજ

— ભાવાનુવાદ : મીરાં ભટ્ટ

એક ગરમ મિજાજનો છોકરો હતો. એના પિતાએ એને થેલો ભરીને ખીલા આપ્યા અને કહ્યું કે જ્યારે જ્યારે એને ગુસ્સો ચડે ત્યારે પાછળની દીવાલમાં એણે એક ખીલો ઠોકી દેવો. પહેલા જ દિવસે, છોકરાએ ૩૭ ખીલા ઠોકી બેસાડયા. પછી ધીરેધીરે એ ઓછા થતા ગયા. એને સમજાયું કે દીવાલમાં ખીલા ઠોકવા, તે કરતાં તો પોતાના મિજાજને કાબૂમાં રાખવાનું વધુ સહેલું છે.

અંતે એક દિવસ એવો ઊગ્યો જ્યારે એ છોકરાએ એકવાર પણ ગુસ્સો ન કર્યો. એણે પોતાના પિતાને આ વાત કરી, ત્યારે પિતાએ પેલી દીવાલમાંથી રોજ એક ખીલો બહાર કાઢી લેવાનું સૂચવ્યું. એ મિજાજ જાળવી શકે છે એના પ્રતીકરૂપ આ કસરત હતી. દિવસો વીતતા ગયા અને છેલ્લે એવો દિવસ આવ્યો, જ્યારે દીકરાએ બાપને કહ્યું કે હવે બધા ખીલા બહાર નીકળી ગયા છે.

પિતાએ દીકરાને દીવાલ ભણી દોરી જતાં કહ્યું, ''બેટા, તેં સરસ કામ કર્યું. પરંતુ દીવાલમાં પડેલાં કાણાં તને દેખાય છે ? હવે આ દીવાલ અગાઉ જેવી ક્યારેય નહીં બની શકે. તમે જ્યારે ગુસ્સામાં કશુંક કહી નાખો છો, ત્યારે આ જ રીતે અંતરમાં ચીરા પડી જાય છે. માણસની અંદર તમે છરી મૂકીને, પાછી બહાર કાઢી શકો. પરંતુ તેમ છતાંય એણે પાડેલા ઘાનાં નિશાન તો રહી જ જશે, પછી ભલેને તમે લાખવાર દિલસોજી કેમ ન દેખાડો ! અને છરીના ઘા કરતા શબ્દોના ઘા વેઠવા વધુ આકરા હોય છે.''

■